**ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદના પ્રમુખ અધિકારીશ્રી બી.એન.પરમાર સમક્ષ,**
**અમદાવાદ.**
**રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૨૨/૧૫**

**પ્રથમ પક્ષકાર :** (૧) ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ
એન્ડ જીઓ– ઈન્ફોર્મેટીકસ,
ચ–૦ સર્કલ પાસે,
ઈન્દુલાલ યાજ્ઞિક માર્ગ,
ગાંધીનગર.

(૨) ભકિત કન્સલ્ટન્ટ,
૧૨૦૯/૨, સેકટર–૨/એ,
ગાંધીનગર.

**વિરૂઘ્ધ**

**બીજા પક્ષકાર :** મંત્રીશ્રી,
ગુજરાત મઝદુર સભા,
પહેલો માળ, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ,
વી.એસ.હોસ્પીટલ પાસે, એલીસબ્રીજ,
અમદાવાદ.

**વિષય :** ઔધોગિક વિવાદ ધારો, ૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

**પ્રતિનિધિત્વ :**
પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ. વકીલશ્રી અનિલ ત્રિવેદી એન્ડ કું.
પ્રથમ પક્ષકાર નં.૨ તરફે : ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : ગેરહાજર

–: **એવોર્ડ** :–

**(૧)** શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરનાએ તેઓના તા.૨૧–૪–૨૦૧૫ ના હુકમ નં. કે.એચ.આર.–૨૦૧૫–૫૨–આઈડીએ–૧૦–૨૦૧૫–૨૯૩૭૩૯–મ (૨) થી પક્ષકારો વચ્ચેનો ઉપરોકત બાબતનો ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય કરવા અત્રે સુપ્રત કરેલ હતો, તે અનુસાર ચાલુ હતો, જેની અનુસૂચિ નીચે મુજબ છે.

## –: અનુસૂચિ :–

**માંગણી નં.૧ :** આ સાથે જોડેલ પરિશિષ્ટ એક મુજબના સંસ્થામાં કામ કરતાં કુલ ૧૦૮ જીઆઈએસ ઓપરેટર તેમજ સોફટવેર ડેવલોપર્સ/ સોફટવેર એન્જીનીયર્સ કક્ષામાં કામ કરતાં તમામ કર્મચારીઓને સંસ્થા ધ્વારા અપનાવેલ કોન્ટ્રાકટ પ્રથા અયોગ્ય, ગેરવ્યાજબી, બનાવટી, કાગળ ઉપર ઉભી કરવામાં આવેલ ભ્રામક, કૃત્રિમ અને સંપુર્ણપણે ગેરકાયદેસર અને રદ વ્યવસ્થા છે. અને આ કોન્ટ્રાકટ પ્રથા પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ હોઈ સંસ્થામાં કામ કરતાં આ કક્ષાના તમામ કર્મચારીઓને સંસ્થાના સીધા અને કાયમી કામદારો ગણી સંસ્થામાં કામ કરતાં જીઆઈએસ ઓપરેટરોને પાંચમા પગારપંચ પ્રમાણે રૂા.૩,૦૫૦ થી ૪,૫૯૦ નું પગાર જે છઠ્ઠા પગારપંચ મુજબ રૂા.૫,૨૦૦ થી રૂા.૨૦,૨૦૦ નું થવા પામેલ છે. અને તેજ રીતે સોફટવેર એન્જીનીયર્સ/ ડવલોપર્સ કે જેઓ પણ સરકારી ધારાધોરણ મુજબ પાંચમા પગારપંચ પ્રમાણે રૂ.૯,૩૦૦ થી રૂા.૩૪,૧૦૦ વિકલ્પે ઓછામાં ઓછો ગ્રેડ રૂા.૫,૫૦૦–રૂા.૯,૦૦૦ જે છઠ્ઠા પગારપંચમાં રૂા.૯,૩૦૦–૩૪,૮૦૦ રૂા.૪,૨૦૦ના ગ્રેડ પે સાથે લાભ આપવો જોઈએ અને આ પગાર ધોરણમાં ચુકવવાપાત્ર તમામ લાભો જેવા કે મોંઘવારી ભથ્થું, ભથ્થાંઓ, પેન્શન, રજાઓ અને અન્ય તમામ સરકારી ધારાધોરણ પ્રમાણેના લાભો કાયમી કામદારો સમકક્ષ ચુકવવી કે કેમ?

**માંગણી નં.૨ :** આ સાથે જોડેલ પરિશિષ્ટ એક મુજબના સંસ્થામાં કામ કરતાં કુલ ૧૦૮ કર્મચારીઓને તા.૧૬–૧–૧૪ થી તેઓની ફરજ ઉપરથી વંચિત રાખેલ છે. અને ફરજ ઉપર લેવાનો સતત ઈન્કાર કરવામાં આવી રહયો છે તે પગલું અયોગ્ય અને ગેરકાયદેસર હોય તા.૧૬–૧–૧૪ થી જયાં સુધી તેઓને ફરજ ઉપર લેવામાં ન આવે ત્યાં સુધી પુરેપુરો પગાર તમામ લાભો સાથે ચુકવી આપવી કે કેમ?

**માંગણી નં.૩ :** આ સાથે જોડેલ પરિશિષ્ટ એક મુજબના સંસ્થામાં કામ કરતાં કુલ ૧૦૮ કર્મચારીઓ પાસેથી સંસ્થા અને સંસ્થાના એજન્ટ એવા ભકિત કન્સલ્ટન્ટ ધ્વારા ફરજ ઉપર હાજર થવાની શરત સ્વરૂપ જે માફી પત્ર લખાવવાની માંગણી કરવામાં આવી રહી છે, તે પગલું અયોગ્ય અને ગેરકાયદેસર અને પ્રથમથી જ રદ છે તેથી કામદારોને વિના શરતે કામ ઉપર લેવા કે કેમ?

**માંગણી નં.૪ :** આ સાથે જોડેલ પરિશિષ્ટ એક મુજબના સંસ્થામાં કામ કરતાં કુલ ૧૦૮ કર્મચારીઓ સંદર્ભમાં સંસ્થા કોઈપણ ફેરફાર કરે તો તે ફેરફાર સંબંધમાં માંગણીમાં સમાવિષ્ટ કર્મચારીઓને તેઓની ફરજ સોંપવી જોઈએ અને તે માટે વચેટીયા/ એજન્ટ તરીકે ઉભા કરાયેલ કોઈપણ કોન્ટ્રાકટરને માંગણીમાં સમાવિષ્ટ કર્મચારીઓને કામે રોકે તે મુજબની શરત મુકવી જોઈએ અને તે મુજબ કામ ઉપર માંગણી નં. (એ) નો નિકાલ ન થાય ત્યાં સુધી તે મુજબ નોકરી ચાલુ રાખવા કે કેમ?

**માંગણી નં.૫ :** આ સાથે જોડેલ પરિશિષ્ટ એક મુજબના સંસ્થામાં કામ કરતાં કુલ ૧૦૮ કર્મચારીઓને તા.૧–૧–૨૦૧૪ થી ઉપર મુજબના પગાર ધોરણમાં પગાર અને અન્ય તમામ લાભો મૂળ માંગણીઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી વચગાળાની રાહત સ્વરૂપે ચુકવવાની અને કોઈ સુધારા થાય તો તે પ્રમાણે ચુકવવા કે કેમ?

## કામદારોની દાખલ તારીખ દર્શાવતું લીસ્ટ.

| અ.નં. | નામ | જીઆઈએસ અને સોફટવેર | દાખલ તારીખ |
|---|---|---|---|
| ૧ | પંડયા ગનશ્યામ ભવાનભાઈ | જીઆઈએસ ઓપરેટર | ૧૭–૨–૦૭ |
| ૨ | વાઘેલા સોનલ જયંતીભાઈ | " | ૧૨–૩–૧૨ |
| ૩ | રાઠોડ ધર્મેન્દ્ર દુલુસીંગ | " | ૨–૫–૦૭ |
| ૪ | વણકર રાકેશ ગોવિંદભાઈ | " | ૨–૫–૦૭ |
| ૫ | જાદવ કૈલાશ જગદીશભાઈ | " | ૧૨–૧–૦૮ |
| ૬ | પરમાર રાહુલ ગોવિંદભાઈ | " | ૨–૩–૧૨ |
| ૭ | પટેલ નયના પ્રવિણભાઈ | " | ૧૯–૭–૦૭ |
| ૮ | સથવારા દિપીકા કનૈયાલાલ | " | ૧૧–૧–૦૭ |
| ૯ | રાવલ મહેશ રામજીભાઈ | " | ૭–૧–૦૭ |
| ૧૦ | પંચાલ નવનીત નરોત્તમભાઈ | " | ૪–૧–૦૮ |
| ૧૧ | પ્રજાપતિ કુંદન દિનેશભાઈ | " | ૫–૧–૧૨ |
| ૧૨ | દવે ગૌરાંગ અમૃતલાલ | " | ૨–૧–૦૭ |
| ૧૩ | ગોહિલ નરેન્દ્ર જેઠાલાલ | " | ૧૫–૬–૦૪ |
| ૧૪ | પઢીયાર વિભુતી નિમેશકુમાર | " | ૧૧–૧–૦૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | સોલંકી મહેશ સોમાભાઈ | " | ૧૨–૭–૦૫ |
| ૧૬ | સિપાઈ ઈમરાનખાન દરિયાખાન | " | ૮–૧–૦૭ |
| ૧૭ | ચૌહાણ જાવેદમીયાં મહેમુદમીયાં | " | ૨૨–૧૧–૦૭ |
| ૧૮ | પઠાણ હિંમતખાન સબ્બીરહુસેન | " | ૧–૧૦–૦૮ |
| ૧૯ | નિનામા સુભાષ બાબુભાઈ | " | ૪–૨–૦૬ |
| ૨૦ | ખરાડી જયંતિ મનજીભાઈ | " | ૨૭–૯–૦૫ |
| ૨૧ | સોલંકી નિકુલભાઈ ડાયાભાઈ | " | ૨૦–૨–૦૮ |
| ૨૨ | સિધ્ધાર્થ પ્રફુલભાઈ પટેલ | " | ૧૮–૭–૧૧ |
| ૨૩ | વિજય જાનવનસિંહ | " | ૧–૧૦–૦૮ |
| ૨૪ | ચિરાગ  રમેશભાઈ પટેલ | " | ૧૪–૫–૧૧ |
| ૨૫ | રાકેશ જાયદેભાઈ બારોટ | " | ૧૪–૫–૧૧ |
| ૨૬ | જાદવ પ્રવિણજી જશુજી | " | ૨૨–૧૨–૦૬ |
| ૨૭ | પટેલ સુનિલ ઈશ્વરભાઈ | " | ૧૪–૫–૧૧ |
| ૨૮ | વણકર નીલમબેન મહેશભાઈ | " | ૧૦–૧૧–૧૧ |
| ૨૯ | વણકર મશેભાઈ કેશવભાઈ | " | ૧–૫–૦૬ |
| ૩૦ | પંચાલ કનૈયાલાલ વિઠ્ઠલભાઈ | " | ૯–૨–૧૩ |
| ૩૧ | મકવાણા ભૂમિકાબેન જગદીશભાઈ | " | ૬–૧–૧૩ |
| ૩૨ | મકવાણા નરેન્દ્રભાઈ શમનભાઈ | " | ૨૨–૧–૦૭ |
| ૩૩ | પરમાર મનોજકુમાર રમેશભાઈ | " | ૩–૮–૦૬ |
| ૩૪ | પરમાર સુરેશકુમાર રણછોડભાઈ | " | ૩–૭–૦૭ |
| ૩૫ | મકવાણા લાલસિંહ કાયસિંહ | " | ૧૮–૯–૦૫ |
| ૩૬ | વાડશમીયા સ્મીતા સુરેશભાઈ | " | ૨૨–૧–૦૭ |
| ૩૭ | રાવલ રેખા રમેશભાઈ | " | ૧૦–૧૧–૧૧ |
| ૩૮ | જાની અમી હરેશભાઈ | " | ૨૦–૧૧–૦૭ |
| ૩૯ | ચૌહાણ સુસીલા બંસીલાલ | " | ૨૦–૧૧–૦૭ |
| ૪૦ | બિહોલા ચેતન એ. | " | ૧–૪–૦૮ |
| ૪૧ | કારી રામશંકર રાધેશ્યામ | " | ૧૨–૧–૦૬ |
| ૪૨ | રાણા સુરપાલસિંહ લક્ષ્મણસિંહ | " | ૨૨–૬–૦૭ |
| ૪૩ | સોલંકી ભરત મંગેશભાઈ | " | ૧૦–૧૧–૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૪૪ | પટેલ રોશની મહેશભાઈ | " | ૨૦–૧૧–૦૭ |
| ૪૫ | પટેલ દિનેશ ચતુરદાસ | " | ૨૨–૧–૦૭ |
| ૪૬ | પટેલ અલ્પેશ ચતુરદાસ | " | ૧–૧૦–૦૮ |
| ૪૭ | ચાવડા નિલમ એચ. | " | ૨–૩–૧૨ |
| ૪૮ | રાઠોડ જાગૃતિ મહેશભાઈ | " | ૨–૩–૧૨ |
| ૪૯ | ઠાકોર રમેશજી એ. | " | ૨૨–૧–૦૭ |
| ૫૦ | તંબુડીયા રાજેશ કેશવલાલ | " | ૬–૧–૦૯ |
| ૫૧ | જાની હેતલ નિરંજનભાઈ | " | ૧૨–૧–૦૬ |
| ૫૨ | મકવાણા વિણાબેન કાનજી | " | ૧–૫–૦૬ |
| ૫૩ | મિસ્ત્રી નિલેશકુમાર દિનેશભાઈ | સોફ્ટવેર ડેવલોપર | ૧–૮–૧૨ |
| ૫૪ | પટેલ પરેશ ભરતભાઈ | " | ૨–૭–૧૨ |
| ૫૫ | ખંડારે સોમનાથ બાલારામ | " | ૨૭–૯–૦૫ |
| ૫૬ | પટેલ રૂષિકેશ રાજેન્દ્રભાઈ | " | ૨૧–૨–૧૧ |
| ૫૭ | લિમ્બાચીયા દિગીશ કે. | " | ૪–૧૦–૧૧ |
| ૫૮ | પટેલ નિધી મનુભાઈ | " | ૧૭–૨–૧૧ |
| ૫૯ | ધોળકીયા પ્રિયલ કે. | " | ૫–૫–૧૧ |
| ૬૦ | વાઘેલા દિગવિજયસિંહ કિરીટસિંહ | " | ૯–૧૧–૧૧ |
| ૬૧ | વ્યાસ પાર્થ જીતેશભાઈ | " | ૧૭–૧૦–૧૧ |
| ૬૨ | પરમાર મનીશ દિનકરભાઈ | " | ૭–૪–૦૪ |
| ૬૩ | પટેલ રીતા રમેશભાઈ | " | ૧૪–૧૧–૧૧ |
| ૬૪ | પ્રિયંકા અશોકકુમાર સિંહ | " | ૧૬–૧–૧૨ |
| ૬૫ | ચૌધરી ગુણવંત રાધાજીભાઈ | " | ૨૧–૨–૧૧ |
| ૬૬ | પ્રજાપતિ પરેશ પ્રવિણભાઈ | " | ૧૧–૧૧–૧૧ |
| ૬૭ | દેસાઈ આશિષ જગદીશભાઈ | " | ૧૮–૨–૧૦ |
| ૬૮ | પટેલ હેમાંગ વિજયભાઈ | " | ૧૬–૮–૧૦ |
| ૬૯ | પંચાલ હીરલ રમણભાઈ | " | ૧–૮–૧૨ |
| ૭૦ | સોલંકી શીતલ ડી. | " | ૨૧–૨–૧૧ |
| ૭૧ | સથવારા અર્પિતા મનહરભાઈ | " | ૪–૧૦–૧૧ |
| ૭૨ | પટેલ જિજ્ઞેશ બી. | " | ૨૧–૨–૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૭૩ | પ્રજાપતિ રીમા ભરતભાઈ | જીઆઈએસ અને સોફ્ટવેર | ૨૧–૨–૧૧ |
| ૭૪ | હાડા જાગૃતિ અશોકસિંહ | " | ૧૬–૮–૧૨ |
| ૭૫ | પરમાર બીજલ ગજેન્દ્રભાઈ | " | ૪–૧૦–૧૧ |
| ૭૬ | ગોસાઈ પ્રશાંત કિર્તીકુમાર | " | ૨–૭–૧૨ |
| ૭૭ | પ્રજાપતિ વિશાલ કનૈયાલાલ | " | ૧–૮–૧૧ |
| ૭૮ | સાધુ જયદિપ વી. | " | ૨–૭–૧૨ |
| ૭૯ | પટેલ સમીરકુમાર ચંદ્રકાન્તભાઈ | " | ૧૮–૨–૧૦ |
| ૮૦ | પટેલ જયેશ એમ. | " | ૯–૧૦–૦૯ |
| ૮૧ | અમીલ લકીર તૃણચંદ્ર | " | ૪–૧૦–૧૧ |
| ૮૨ | પટેલ હાર્દિકકુમાર દિનેશભાઈ | " | ૪–૧૦–૧૧ |
| ૮૩ | પટેલ ગૌરવ મહેન્દ્રભાઈ | " | ૧–૫–૧૨ |
| ૮૪ | પ્રજાપતિ વરેશ એન. | " | ૧૧–૧૧–૧૧ |
| ૮૫ | મોદી ઉમંગ જીતેન્દ્રભાઈ | " | ૧૮–૨–૧૦ |
| ૮૬ | પરમાર કવિતા કાન્તીભાઈ | " | ૧૦–૧–૦૫ |
| ૮૭ | ખોખર કૈલાશબેન કાન્તીભાઈ | " | ૨૦–૧–૦૭ |
| ૮૮ | વાઘેલા આશા ઈન્દ્રજીતસિંહ | " | ૧૦–૧–૦૫ |
| ૮૯ | પટેલ તેજલ હિતેશકુમાર | " | ૧૦–૧–૦૫ |
| ૯૦ | નાણાંવટી રીતુ કિર્તીકુમાર | " | ૨૧–૧–૦૭ |
| ૯૧ | દરબાર વિજાજસિંહ લાલસિંહ | " | ૨૨–૭–૦૭ |
| ૯૨ | પટેલ હર્ષદકુમાર બેચરભાઈ | " | ૧૦–૧–૦૫ |
| ૯૩ | મકવાણા આનંદકુમાર લાલજીભાઈ | " | ૨૨–૧–૦૭ |
| ૯૪ | હાડા કુદદિપસિંહ બિપીનસિંહ | " | ૬–૧–૧૩ |
| ૯૫ | ઠાકોર હિતેશ શકરાજી | " | ૧૦–૧–૦૫ |
| ૯૬ | વાણંદ જિતેન્દ્રકુમાર અશોકભાઈ | " | ૨૨–૧–૦૭ |
| ૯૭ | રાઠોડ અમરસિંગ ઉદેસિંગ | " | ૨૦–૧–૦૭ |
| ૯૮ | પરમાર નિરાલી પરસોત્તમભાઈ | " | ૧૦–૧–૦૫ |
| ૯૯ | ડામોર લાલસીગભાઈ રાયસીગભાઈ | " | ૧૧–૧૦–૧૧ |
| ૧૦૦ | વાણંદ પરેશકુમાર અશોકભાઈ | " | ૨૨–૧૦–૦૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૦૧ | રહેવર ધર્શન ખીમજીભાઈ | જીઆઈએસ અને સોફટવેર | ૧૨–૧–૦૮ |
| ૧૦૨ | પરમાર ગજેન્દ્રકુમાર મગનભાઈ | " | ૯–૭–૦૭ |
| ૧૦૩ | પટણી જયોત્સના બચુભાઈ | " | ૧–૧૨–૦૬ |
| ૧૦૪ | ગોહિલ મીતેશ દલપતભાઈ | " | ૧૮–૫–૦૬ |
| ૧૦૫ | લેઉવા ભાવિતા | " | ૧–૧૨–૦૬ |
| ૧૦૬ | બારોટ કિર્તન પ્રવિણચંદ્ર | સોફટવેર ડેવલોપર | ૧–૭–૧૨ |
| ૧૦૭ | જોષી અતુલ કેશવલાલ | જીઆઈએસ ઓપરેટર | ૧–૧–૦૭ |
| ૧૦૮ | ઠાકોર દિનેશ હરચનજી | " | ૧૭–૧૧–૦૫ |

(૨) આ કામમાં બીજા પક્ષકાર યુનીયને તેઓનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૧૦ થી તેઓનો લેખિત જવાબ રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓના જવાબમાં એવી રજુઆત કરેલ છે કે બીજા પક્ષકારનો રેફરન્સ મીસ જોઈન્ડર ઓફ ધી પાર્ટીના બાધના કારણે શરૂઆતથી જ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારો રેફરન્સ નીતિ વિષયક અને વહીવટી બાબતોના નિર્ણયને પડકારતો હોઈ તે પ્રાથમિક મુદ્દા ઉપર રદ થવાને પાત્ર છે. વધુમાં સંસ્થાની રજુઆત એવી છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ ની રચના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ અન્વયે કરવામાં આવેલ છે અને રાજય સરકાર તથા કેન્દ્ર સરકાર ધ્વારા સોંપાયેલ પ્રોજેકટથી સંસ્થામાં કામગીરી કરવામાં આવે છે. સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ ઉપગ્રહ માધ્યમથી લોકોના ઘર સુધી ટી.વી. ઉપર શિક્ષણ, તાલીમ, માહિતી વગેરે પહોંચાડવાની તથા જાહેર જનતાને નવી ટેકનોલોજીના પ્રવાહની સાથે ભેળવવાની અને જાહેર જનતા સુધી સુવિધા પહોંચાડવાની છે. આ કામગીરી માટે વિવિધ પ્રોજેકટ પુરા કરવા કોન્ટ્રાકટ રાખવામાં આવે છે અને જે તે રાજય કે કેન્દ્ર સરકારના વિભાગોની કામગીરી પ્રોજેકટ ધ્વારા પુર્ણ કરવામાં આવે છે. બીજા પક્ષકાર કામદારોને પ્રથમ પક્ષકાર નં.૧ ધ્વારા કયારેય કોઈ નિમણુંક આપવામાં આવી નથી કે કયારેય કાયદાકીય પ્રક્રિયા અનુસરીને તેઓની સીધી ભરતી કરવામાં આવેલ નથી. આમ પ્રથમ પક્ષકાર નં.૧ અને બીજા પક્ષકાર કામદારો વચ્ચે માલિક અને નોકરનો સંબંધ કયારેય અસ્તિત્વમાં આવેલ નથી. બીજા પક્ષકાર કામદારોએ પ્રથમ પક્ષકાર નં.૨ ને જે કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે તે કોન્ટ્રાકટ આધારિત કામગીરી કરેલ છે. પ્રથમ

પક્ષકાર નં.૧ ધ્વારા પ્રથમ પક્ષકાર નં.ર કોન્ટ્રાકટરને ચેતવણી આપીને તેઓના કર્મચારીઓને ફરજ બજાવવાનું જણાવેલ હોવા છતાં કોન્ટ્રાકટરના કર્મચારીઓ તેઓની કામગીરી સંભાળતાં ન હોઈ, પ્રથમ પક્ષકાર નં.ર નો કોન્ટ્રાકટ તા.ર૧–ર–૧૪ થી રદ કરતો હુકમ કરવાની પ્રથમ પક્ષકાર નં.૧ ને ફરજ પડેલ. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના સોફટવેર અને જીઆઈએસ વિભાગમાં થતી કામગીરી પણ પ્રોજેકટ આધારિત હોય છે અને આ કામગીરી આઉસ સોર્સિંગ એજન્સી ધ્વારા કરાવવામાં આવે છે. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા જરૂરીયાત પ્રમાણે અલગ અલગ એજન્સી પાસેથી કરાર આધારિત સેવા લે છે અને તેનો ખર્ચ પોતે સ્વયં કરે છે, આ હેતુ માટે રાજય સરકાર પાસેથી ગ્રાન્ટ લેવામાં આવતી નથી. આવી કામગીરી માટે જે તે સમયે કોન્ટ્રાકટ લેબર રાખવાની, છુટા કરવાની કે કામગીરીની દેખરેખ રાખવાની તમામ શરતો ટેન્ડરમાં નકકી કરવામાં આવતી હોય છે. અને કોઈ વ્યકિતને કામે રાખવા, છુટા કરવા કે દેખરેખ રાખવાનો અધિકાર ફકત જે તે કોન્ટ્રાકટર પાસે જ હોય છે તે બાબતે પ્રથમ પક્ષકાર નં.૧ નો કોઈ રોલ હોતો નથી. આમ પ્રથમ પક્ષકાર નં.૧ ગુજરાત સરકાર વતી કામગીરી સંભાળી રહી છે પરંતુ રાજય સરકાર એ ઈન્ડસ્ટ્રી નથી. આમ સમગ્ર રીતે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના પ્રથમ પક્ષકાર નં.ર કોન્ટ્રાકટર સાથેનો કરાર પુર્ણ થવાથી પ્રથમ પક્ષકાર કામદારોએ કોન્ટ્રાકટર ધ્વારા નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે અને પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર કામદારો વચ્ચે નોકર અને માલિક વચ્ચેનો સંબંધ કયારેય ઉપસ્થિત થયેલ ન હોઈ, પ્રાયમાફેસી બીજા પક્ષકારનો રેફરન્સ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોઈ રદ કરવા વિનંતી કરેલ છે.

**(૪)** આંક–૧૩ થી પ્રથમ પક્ષકાર નં.૧ તરફે બે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે જેમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ નં.૧૦૯૬–ર૧ સા.ટે. સચિવાલય, ગાંધીનગરની નકલ તા.ર૬–ર–૧૯૯૭ તથા સીડીએસએસ ને કોન્ટ્રાકટના ધોરણે તા. ૧–૯–૦પ થી તા.૩૧–૮–૦૬ સુધી કરાર તથા તેનું કાયદેસરનું ચુકવણું પ્રોજેકટ ફંડ ખાતેથી કરવામાં આવેલ તેની નકલ રજુ કરવામાં આવેલ છે.

**(પ)** આંક–૧૪ થી પ્રથમ પક્ષકાર નં.૧ તરફે સાક્ષીએ તેઓના જવાબ અને હકીકતોના સમર્થનમાં સોગંદનામું રજુ કરેલ છે.

**(૬)** ત્યારબાદ આ કામ દલીલો માટે રાખવામાં આવેલ, પરંતુ બીજા પક્ષકાર તરફથી

દલીલો માટે કોઈ હાજર રહેતાં ન હોઈ, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જુના કેસોનો ઝડપી નિકાલ માટે અવારનવાર આપવામાં આવતી સુચનાઓને ઘ્યાને લેતાં કેસમાં પડેલા પુરાવાઓના આધારે આ કામ આખરી હુકમ ઉપર રાખવામાં આવેલ.

(૭) ત્યારબાદ બીજા પક્ષકાર તરફે કોઈ હાજર રહેતાં ના હોઈ પ્રથમ પક્ષકારના સાક્ષીના સોગંદનામાની ઉલટ તપાસ કરેલ નથી. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૧ તરફે આંક–૧૫ થી પુરસીસ આપી પ્રથમ પક્ષકાર નં.૧ ના સાક્ષીની ઉલટ તપાસનો હકક બંધ કરવા જણાવતાં બીજા પક્ષકાર તરફે આંક–૧૪ ની ઉલટ તપાસ માટે કોઈ હાજર ના હોઈ પ્રથમ પક્ષકારના સાક્ષીની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૮) હાલનો રેફરન્સ ઔઘોગિક તકરાર અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૭ (એ) હેઠળ રચવામાં આવેલ ટ્રિબ્યુનલને તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે સોંપવામાં આવેલ છે. આ કલમ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલને સમુચિત સરકાર ધ્વારા ઔઘોગિક વિવાદ ધારા–૧૯૪૭ ની કલમ–૧૦ હેઠળ લેખિત હુકમ કરીને તકરાર ન્યાય નિર્ણય કરવા સારૂં મોકલી આપવામાં આવેલ છે. કલમ–૧૦ (૪) હેઠળ ટ્રિબ્યુનલને કોઈ ઔઘોગિક તકરાર મોકલવાનાં હુકમમાં અથવા પછીના કોઈ હુકમમાં સમુચિત સરકારે ન્યાય નિર્ણય માટે તકરારી મુદ્દાઓ નિર્દિષ્ટ કરેલ હોય ત્યારે તે મુદ્દા અને તેને આનુષાંગિક બાબતનો જ ન્યાય નિર્ણય કરવાનો રહેશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ કલમ–૧૦ (૮) હેઠળ સોંપવામાં આવેલ ઔઘોગિક તકરારનાં સંબંધમાં મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ સમક્ષની નિકાલ બાકી કોઈ પણ કાર્યવાહી, તકરારને પક્ષકારો પૈકી કોઈ પક્ષકાર કામદારો હોય અને તેના મૃત્યુને કારણે જ રદ થશે નહીં અને આવી મજૂર કોર્ટે, ટ્રિબ્યુનલે અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલે આવી કાર્યવાહી પુરી કરી સમુચિત સરકારને પોતાનો ચુકાદો સાદર કરવો જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, એટલે કે, આ જોગવાઈઓનું વિસ્તારપૂર્વક અર્થઘટન કરવામાં આવે તો મજૂર કોર્ટ અથવા ટ્રિબ્યુનલને જે તકરારનો ન્યાય નિર્ણય કરવા સારું સોંપવામાં આવેલ હોય તે કાર્યવાહી રદ થઈ શકતી નથી, પરંતુ સોંપવામાં આવેલ કાર્યવાહી પુરી કરીને સમુચિત સરકારને ચુકાદો સાદર કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ અંગે વધુ સ્પષ્ટતા સારું ઔઘોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૫ પણ ઘ્યાને લેવી જરુરી છે કે જે નીચે મુજબ છે :–

**<u>કલમ–૧૫ : મજૂર કોર્ટો, ટ્રિબ્યુનલો અને રાષ્ટ્રીય (નેશનલ) ટ્રિબ્યુનલોની ફરજોઃ–</u>**

"કોઈ ઔદ્યોગિક તકરાર મજૂર કોર્ટ, ટ્રિબ્યુનલને ન્યાયનિર્ણય માટે મોકલવામાં આવી હોય, ત્યારે તેણે બનતી ત્વરાએ પોતાની કાર્યવાહી કરવી જોઈશે, અને આવી ઔદ્યોગિક તકરાર ઉલ્લેખ કરતાં હુકમમાં નિર્દિષ્ટ કરેલી મુદૃત અથવા કલમ–૧૦ ની પેટા કલમ (૨) નાં બીજા પરંતુક હેઠળ લંબાવેલી વધુ મુદૃતની અંદર પોતાનો ચુકાદો સમુચિત સરકારને રજૂ કરવો જોઈશે."

**(૯)** ઉપરોકત કલમ હેઠળ તથા અગાઉ ચર્ચા કર્યા મુજબ કલમ–૧૦ હેઠળ ટ્રિબ્યુનલને સોંપવામાં આવેલ ઔદ્યોગિક તકરારનો ચુકાદો સમુચિત સરકારને રજુ કરવો જોઈશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે, એટલે કે, જયારે ટ્રિબ્યુનલને ન્યાય નિર્ણય કરવા સારૂં તકરાર મોકલવામાં આવેલ હોય ત્યારે ટ્રિબ્યુનલે તેનો ન્યાય નિર્ણય કરીને તેનો ચુકાદો સમુચિત સરકારને મોકલી આપવાનો હોય છે. આમ, ઉપરોકત કલમનાં અભ્યાસનાં આધારે એવું સ્પષ્ટપણે કહી શકાય કે, મજૂર કોર્ટ કે ટ્રિબ્યુનલને સોંપવામાં આવેલ ઔદ્યોગિક તકરાર સ્ટેજનાં કોઈપણ તબકકે રદ્ કે ઈનફ્રકચ્યુઅસ થઈ શકતી નથી, પરંતુ તેનો જે તે ન્યાય નિર્ણય કરીને તેનો ચુકાદો સમુચિત સરકારને મોકલી આપવાનો હોય છે.

**(૧૦)** આ કામમાં બીજા પક્ષકારને અનેક મુદૃતો આપવા છતાં ન્યાયપંચ સમક્ષ હાજર રહીને તેઓનું માંગણાનું નિવેદન રજુ કરેલ નથી કે તેઓના કેસનાં સમર્થનમાં કોઈ મૌખિક પુરાવા ઘ્વારા કેસની હકીકત પુરવાર કરેલ નથી. તેમજ તેઓના કેસના સમર્થનમાં કોઈ દલીલો રજૂ કરેલ નથી. જયારે પ્રથમ પક્ષકાર નં.૧ ઘ્વારા જવાબ રજુ કરીને તથા જવાબના સમર્થનમાં પ્રથમ પક્ષકાર નં.૧ ના સાક્ષીનું સોગંદનામું રજુ કરીને જવાબની હકીકતો પુરવાર કરેલ છે. જેનાથી વિરૂઘ્ધની કોઈ હકીકત બીજા પક્ષકારે પુરવાર કરેલ નથી. બીજા પક્ષકાર ઘ્વારા રેફરન્સની અનુસૂચિમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતાં હોવા બાબતે માંગણાનું નિવેદન રજુ કરેલ નથી કે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ઘ્વારા રેફરન્સની અનુસૂચિમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થાય છે તેવું કોઈ રીતે પુરવાર કરેલ નથી. આ કામે ન્યાયપંચને આ રેફરન્સનાં ન્યાય નિર્ણય કરવા સારૂં શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર ઘ્વારા તા. ૨૧–૪–૧૫ ના રોજ સુપ્રત કરવામાં આવેલ હતો, આ સંજોગોમાં હાલના રેફરન્સમાં બીજા પક્ષકાર હાજર રહેતાં ના હોઈ, નામદાર ગુજરાત હાઈકોર્ટે જુના કેસોના ઝડપી નિકાલ માટે આપવામાં આવેલ સુચના

ધ્યાને લેતાં બીજા પક્ષકાર આ કામમાં ઘણાં લાંબા સમયથી હાજર રહેતાં ના હોઈ, કેસની હકીકત પુરવાર કરતાં ના હોઈ રેફરન્સમાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર ઠરતાં નથી. બીજા પક્ષકાર સંબંધિત કામદાર યુનીયનને અનેક મુદ્દતો આપવા છતાં બીજા પક્ષકાર યુનીયન ઘ્વારા આ ન્યાયપંચ સમક્ષ હાજર રહી કોઈ પણ પ્રકારના દસ્તાવજી પુરાવાઓ રજુ કરીને રેફરન્સમાં ઉપસ્થિત કરેલ માંગણીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા તેઓ હકકદાર થાય છે તે બાબત પુરવાર કરેલ નથી. આથી બીજા પક્ષકાર સંબંધિત કામદાર રેફરન્સની અનુસૂચિમાં જણાવ્યા મુજબની કોઈપણ પ્રકારની દાદ મેળવવા કાયદેસર રીતે હકકદાર થતાં નથી તેમ ઠરાવવામાં આવે છે અને આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

૧. આથી બીજા પક્ષકાર સંબંધિત કામદારોનો આ રેફરન્સ (આઈ.ટી.) નં. ૨૨૨/૧૫ નામંજુર કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

Date : 8-12-2017
Place: AHMEDABAD/KALOL

(BHADRESH NANALAL PARAMAR),
PRESIDING OFFICER,
(JUDGE CODE NO. GJ-00772)
INDUSTRIAL TRIBUNAL NO.5,
AHMEDABAD.

N.I.Gadhiya, P.S.